## ધ્યાન રાખો કે નિમોનિયા ના થવો જોઈએ કોરોનામાં...

રોજ બદલાતા ટીવી, છાપાના આંકડાની માયાજાળમાં ફસાવાની બીલકુલ જરૂર નથી. રોજેરોજ નવી અફવાઓ આવ્યા જ કરે છે. કોરોનાનો બીજો રાઉન્ડ, કોરોનાનો ત્રીજો રાઉન્ડ.... આવતા મહીને ૧ લાખ પેશન્ટ ભગવાન બંધ કરો.... હવે બહુ થયું... લોકોને જીવવા દો.

અરે ડાહ્યા તને તો કોરોના પોઝીટીવ નથી તો પણ આટલો બધો ગભરાયેલો છે. ઘરમાંથી બહાર નીકળ. ડાહ્યાભાઈ રૂમમાંથી બહાર નીકળી તરત જ બોલી ઊઠ્યા... ગાંડાભાઈ ટેસ્ટ પોઝીટીવ આવે કે ન આવે જે મને ચિન્હો દેખાય છે - ગળામાં દુઃખે છે, છીંકો આવે છે, થોડો થોડો તાવ વે છે એ કોરોના જેવા જ છે. પણ ડાહ્યા હવે તો સરકારે છૂટથી ટેસ્ટ થાય એવું બધું કરી આપ્યું છે. ખાલી ડૉકટર પાસે કોરોના ટેસ્ટ કરવાની જરૂર છે એવું લખવાનું એટલે લેબોરેટરીવાળા કરી



શકે. પણ ગાંડાલાલ તમે સમજો. હું કોરોનાનો દર્દી છું એવી જ રીતે લવ છું. ધારે કે લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યા પછી મારો ટેસ્ટ પોઝીટીવ આવે તો મને કોરોના છે જ... પણ જો મારો ટેસ્ટ નેગેટેવી આવે તો મને કોરોના નથી એવું ૧૦૦ ટકા સાબિત થતું નથી. કારણ કે લેબોરેટરીના PCR ટેસ્ટની સેન્સીટીવીટી ૩૦-૬૫ ટકા જ છે અને જો હું CT-Scan (સીટી સ્કેન) કરાવું તો તેની સેન્સીટીવીટી ૯૦-૯૫ ટકા છે. એટલે કે છાતીના ફેફસાનો સીટી સ્કેન કરવાનો. તેમાં કદાચ ચિન્હો ન હોય તો પણ સીટી સ્કેન ફેફસાનાં ગેન્યુલેશન બતાવે છે અને તેથી કોરોના અથવા તો બીજું કંઈ વાઈરલ ઈન્ફેકશન હોય તેવું સાબિત થાય છે. તો ડાહ્યા અને મતલબ એ થાય કે CT-Scan માં પણ ૧૦૦ ટકા કોરોના છે એવું સાબિત નથી થતું. હાં, ગાંડાભાઈ એ વાત સાચી ઘણા બધા કારણોાં સીટી સ્કેન નિમોનીયા બતાવે છે. જયારે સ્વાબથી લીધેલો PCR ટેસ્ટ જો કોરોનાં હોય તો જ પોઝીટીવ આવે જો ટેસ્ટ નેગેટીવ હોય તો ફરી પણ ટેસ્ટ કરાવી લેવો જોઈએ જો ચિન્હો હોય તો. કારણ કે PCR ટેસ્ટ ની સ્પેસીફીસીટી ૧૦૦ ટકા છે. જયારે સેન્સીટીવીટી ૩૦-૬૫ ટકા છે. એટલે નેગેટીવ ટેસ્ટ આવે તો ફરી કરાવા જોઈએ અને જો ટેસ્ટ પોઝીટીવ આવી જાય તો કોરોનાનો




સિક્કો વાગે છે. પણ ઓછું ખર્ચાળ અને ઝડપી નિદાન માટે સીટી સ્કેન વધારે જરૂરી છે. મારા કેસમાં ડાહ્યા એવું છે કે મેં માની જ લીધું છે કે મને કોરોના છે. માટે ટેસ્ટ કરાવાની જરૂર નથી. હું અઠવાડિયું આરામ કરીશ અને પછી મારા કામે વળગી જઈશ. આમ કરીને હું મારા કુટુંબીનું, મારા પાડોશીઓનું, મારા સમાજનું ભલું કરું છું કે મારાથી કોઈને પણ ચેપ ન લાગે. અલ્યા ડાહ્યા તું વારે - વારે કહ્યા કરે છે કે મને કોરોના જ છે. તો દવાનું શું ?? તું ડૉકટર છું ?? તને ખબર પડે છે કે શું દવા લેવી ? હાલી માંડ્યો છે. ભઈ ગાંડા તારી વાત તો સાચી છે પણ મને ખબર છે કે કોરાનાની કોઈ દવા નથી. રોગપ્રતિકારક શક્તિ એ જ એનો જવાબ છે માટે રોજ વિટામીન સી ની ટીકડા લઉ છું, પ્રોટીન જેમાં વધારે હોય એવા ખોરાક ખાઉં છું, પાલખનો મીઠું લીંબુ નાખી જ્યુસ પીવું છું અને જો તાવ આવે તો તાવની પેરાસીટામોલ ગોળી લઉં છું. આનાથી વધારે કોરોનામાં કંઈ થઈ શકે નહીં.

અને મારા ઘરે હું ઓક્સિજન માપવાનું મીટર લાવ્યો છું. જે આંગળી પર ભરાવીને ઓક્સિજન સેચ્યુએશન માપુ છું. જે નોર્મલ છે. મને શ્વાસ પણ ચડતો નથી, ઝાળો અને પેશાબ બરાબર આવે છે, ભૂખ બરાબર લાગે છે માટે હું સાચો છું. કોરોનામાં નિમોનીયા ન થવો જોઈએ. તો હે ડાહ્યા ફેફસામાં કફ ભરાયો છે કે નિમોનીયા થયો છે એ કઈ રીતે ખબર પડે ?? એના માટે મેં પહેલા તને બી કહ્યું હતું, તું સાંભળતો જ નથી. શ્વાસ ચઢે - જે મને નથી ચઢતો અને છતાં તને જો તકલીફ હોય તો પહેલા CT-Scan છાતીનો કરાવી લાવ. જો નોર્મલ હોય તો ભુલી જા. અલ્યા ડાહ્યા સાલી બહુ જ તકલીફ છે. આ તાવ, ઉધરસ, કે શ્વાસ ચડે તો કોરોનાનું વિચારી શકાય પણ ડાહ્યા હમણાં એવું થયું કે વિમળાબહેન જેને નખમાંય રોગ નથી એમણે દૂધ ગરમ કરવા મુકેલું અને બાજુ વાળા સ્મિતાબેન જોડે વાતોમાં મશગૂલ થઈ ગયા. એમનો દીકરો રાજન ઘરે આવ્યો અને જોરથી બૂમો મારી, મમ્મી... આપણા ઘરમાં કંઈક બળે છે. તને વાસ નથી આવતી...?? મમ્મીએ ના પાડી... એણે કહ્યું... બાજુમાંથી આવતી હશે... આપણા ઘરમાં કંઈ નથી. રાજન ઘરમાં ગયો અને જોયું તો તપેલી પણ બળી ગઈ હતી. રાજન ભણેલો ગણેલો હતો એણે કહ્યું, મમ્મી - ચાલ તો હવે પરમિશન વગર કોરોનાનો ટેસ્ટ થઈ શકે છે! આપણે ટેસ્ટ કરાવી લઈએ...

વિમળાબહેન બગડ્યા... અલ્યા મને તાવ નથી, ઉધરસ નથી, શ્વાસ ચઢતો નથી, તો મને કોરોના કઈ રીતે હોય ? હું તારી દુશ્મન છું?? રાજને હઠ પકડી. તું ટેસ્ટ નહીં કરાવે તો હું નહીં જમું... વિમળાબહેને ડૉકટર પાસે લખાવી PCR ટેસ્ટ કરાવ્યો... જેનો રિપોર્ટ સાંજે આવવાનો હતો. રાજનથી રહેવાયું નહીં એણે છાતીનો CT-Scan કરાવ્યો. ડૉકટરે કહ્યું - ફેફસામાં ગ્રેન્યુલેશન છે એટલે કોરોનાની શક્યતા પૂરેપૂરી છે. માટે અત્યારથી જ ચેતી જાવ...! સાંજ પડી અને વિમળાબહેનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો...?!

અલ્યા ડાહ્યા, આવું કઈ રીતે થાય ?? હા, ભાઈ ગાંડા, આ કોરોનાનું એક પ્રકારનું ચિન્હ છે. જેમાં તમારી સુંઘવાની શક્તિ જતી રહે... ગાંડાભાઈથી રહેવાયું નહીં.... આવું તો ઘણું બધું હશે... હા ભઈ... ધીમે ધીમે કોરોના વિશે માહિતી મળતી રહેશે. જો ભઈ ગાંડા... ખાલી નિમોનિયા ના થવો જોઈએ. બાકી કોરોના હોય કે બોરોના હોય કંઈ થવાનું નથી... એટલું જ ધ્યાન રાખો કે નિમોનિયા ના થવો જોઈએ. બાકી તો તમારા શરીરમાં કોરોના એન્ટીબોડી ત્રણ ચાર દિવસમાં બની જશે અને ફરી કોરોના નહીં થાય અને કદાચ ફરી વાર થાય તો તમે મરશો નહીં...

sgpathlab@gmail.com

# યોગ કરીશું, કોરોનાને હરાવીશું : વિજય રૂપાણી

## કોરોના સામેની લડાઈમાં યોગ એ અમોઘ અને શકિતશાળી શસ્ત્ર : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આગામી ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આજથી ગુજરાતમાં “યોગ કરીશું, કોરોનાને હરાવીશું’ના મંત્ર સાથે જન જાગૃતિ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો છે.

મુખ્યમંત્રીએ આ અભિયાનનું મહત્વ સમજાવતા કહ્યું કે કોરોનાના આ સંક્રમણ કાળમાં કોરોનાની હજુ કોઈ દવા શોધાઈ નથી ત્યારે વિશ્વ આખુ રોગ પ્રતિકારક શક્તિ વધારવા ભારતીય સંસ્કૃતિની વિશ્વને અમુલ્ય ભેટ એવા યોગ-પ્રાણાયમ તરફ વળ્યું છે.

આ સંદર્ભમાં કોરોના સામેની લડાઈમાં યોગ એ ખુબજ શક્તિશાળી અમોઘ શસ્ત્ર સાબિત થશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વ આખામાં યોગની મહત્તા ઉજાગર કરતા દર વર્ષે ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવા વિશ્વના દેશોને પ્રેરિત કર્યા છે.

- ૧૬ મી જૂન મંગળવારના દિવસે આપને યોગ શા માટે પસંદ છે તે પ્લે કાર્ડ પર લખી તેનો ફોટો સોશિયલ મીડિયા પર હેશટેગ #DoYogaBeatCorona સાથે સૌ પોસ્ટ કરે
- ૧૯ મી જૂન શુક્રવારના દિવસે કોઈ પણ વ્યક્તિ પોતાની ફેવરિટ યોગ મુદ્રા સાથેનો ફોટો સોશિયલ મીડિયા પર હેશટેગ #DoYogaBeatCorona સાથે પોસ્ટ કરે
- #DoYogaBeatCorona હેશટેગ સાથે સોશિયલ મીડિયા પર યોગ વિશેની તમામ જાણકારી, ફાયદાઓ, આસનો વગેરે પોસ્ટ કરીને એક ઈન્ફોર્મેશન બેન્કના નિર્માણથી ગુજરાતની એક યુગ પ્રદેશની સાથે એક યોગ પ્રદેશ તરીકે પણ ઓળખ ઊભી કરીએ

આ વર્ષે આ ઉજવણી યથાવત રહેશે પરંતુ પ્રવર્તમાન સ્થિતિમાં અલગ રીતે ઉજવણી કરવામાં આવશે તેની ભૂમિકા આપતા શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યુ કે, આ ઉજવણી “યોગ કરીશું, કોરોનાને હરાવીશું” અભિયાન અંતર્ગત થશે અને યોગ દ્વારા કોરોનાને હરવવામાં આપણે સૌ અવશ્ય સફળ બનીશું.

તેમણે જણાવ્યું કે, દર વર્ષે ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી આપણે ખુબ ઉત્સાહથી કરીએ છીએ. પણ આ વર્ષે સમગ્ર દુનિયા વૈશ્વિક મહામરીનો ભોગ બની છે. જ્યાં સુધી કોરોનાનું નિદાનના મળે ત્યાં સુધી રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરીને આપણે પોતાનું રક્ષણ કરી શકીએ છીએ.

રોગ પ્રતિકારક શકિત વધારવામાં અને માનસિક શારીરિક બેય સ્વસ્થતામાં યોગનું ખુબ મહત્વ છે તેની વિગતો તેમણે આપી હતી.

આયુષ મંત્રાલયે આ વર્ષની યોગ દિવસની થીમ “યોગ એટ હોમ”, “યોગ વિથ ફેમીલી” નક્કી કરી છે. ત્યારે સૌએ ઘર જેવી સુરક્ષિત જગ્યાએ યોગ કરી આપની સાથે-સાથે પરિવારના સ્વાસ્થ્યને પણ મજબૂત બનાવવું જોઈએ તેવી અપીલ સૌને મુખ્યમંત્રીએ કરી હતી




મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ભારતની આ મૂડી અને સાંસ્કૃતિક ધરોહરને આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વિશ્વ ફલક પર પહોચાડી છે.

યુનાઈટેડ નેશન્સમાં પણ યોગનો સમાવેશ કરવામાં આવ્યો છે. યોગની લોકપ્રિયતા આપણા દેશમાં જ નહીં પરંતુ વિશ્વના ઘણા બધા દેશો જર્મની, ઓસ્ટ્રેલીયા, સાઉદી અરેબિયા અને અમેરિકામાં પણ ખૂબ જ ઝડપથી પ્રસરી છે.

તેમણે યોગના સનાતન સંસ્કૃતિમાં રહેલા મહત્વની છણાવટ કરતા કહ્યું કે ભગવાન શ્રીકૃષ્ણ પણ યોગેશ્વર તરીકે અને ભગવાન શંકર આદિયોગી તરીકે સદીઓથી ઓળખાય છે.

### જીપીએસસીના ૨૭૮ ઉમેદવારો તમામ પ્રક્રિયા પૂર્ણ થવા છતા

## છેલ્લા દોઢ વર્ષ સરકાર દ્વારા પોસ્ટીંગ ન અપાતા એક દિવસના પ્રતિક ઉપવાસ પર

ગાંધીનગર, તા. ૧૪

જીપીએસસી દ્વારા ૨૪/૧૧/૨૦૧૫ના રોજ સરકારી પોલિટેકનીક અને ડીગ્રી ઈજનેરી કોલેજોમાં વિવિધ શાખા ના વ્યાખ્યાતા અને સહાયક પ્રાધ્યાપક વર્ગ-૨ ની ભરતી બહાર પાડવામાં આવેલ હતી. જેમાં ઈલેક્ટ્રીકલ, મીકેનીકલ, કોમ્પ્યુટર, ઈ.સી., ફેબ્રીકેશન અને પ્રોડક્સન શાખા ના ૩૮૨ ઉમેદવારો અંતિમ પસંદ પામેલા છે.

આ ઉમેદવારો ભરતીના તમામ તબક્કાઓ માંથી પસાર થઈ ચુક્યા છે અને સમગ્ર ભરતી પ્રક્રિયા ને ૪ વર્ષ જેટલો સમય પૂર્ણ થઈ ગયો છે. તેઓનું પોલીસ વેરીફીકેશન પણ પૂર્ણ થઈ ગયું છે. ઉપરોક્ત ભરતી પ્રક્રિયા પર નામદાર ઉચ્ચ ન્યાયાલય દ્વારા મુકવામાં આવેલ સ્ટે પણ તા. ૧૦/૦૨/૨૦૨૦ ના રોજ હટાવી લેવામાં આવ્યો છે. અમે સરકારશ્રી અને જવાબદાર અધીકારીઓ સમક્ષ ઘણી વખત રજુવાત કરી છે અને હવે કોઈ જ પ્રક્રિયા બાકી નથી તેમ છતાં પસંદ પામેલા ઉમેદવારો ને નિમણૂંક આપવામાં આવેલ નથી અને ઉંજીઝ જેવી પરીક્ષા પાસ કર્યા બાદ પણ ૧ વર્ષ થી બેરોજગાર છે.

વધુમાં પસંદગી પામેલા ઉમેદવારોમાં મોટા ભાગના ઉમેદવારો મધ્યમ વર્ગીય પરિવાર માથી આવે છે.તો સરકારશ્રી ને વિનંતી કે મારી તથા ઉપરોક્ત ઉમેદવારોની ધીરજ અને વેદના ને સમજી નિમણૂંકપત્ર આપી આત્મનિર્ભર બનાવામાં આવે. આ ભરતી પુર્ણ ન થવાના કારણે વિધાર્થી નું ભવિષ્ય પણ અપૂરતા પ્રોફેસર ના કારણે જોખમાયેલું છે.

જીપીએસસી જેવી બંધારણીય સંસ્થા દ્વારા લેવામાં આવેલી દરેક કસોટી માં ઉત્તીર્ણથયા પછી પણ ઓર્ડર ન મળવાના કારણે જીપીએસસી પર પણ અવિશ્વનીયતા ઊભી થઈ છે.

બીજું બાજુ ઘણા બધા એમએલએ એ પણ સરકાર ને રજૂઆત વારંવાર કરવા છતાં પણ સરકાર આંખ આડા કાન કરતાં સરકારી બાબુઓ ના કામ પર પણ સવાલ ઉઠી રહ્યા છે.

હવે આ ઉમદવારો દ્વારા હારી અંતે એક દિવસ માટે ઘરે બેસી ઉપવાસ કરી સરકાર નો વિરોધ કરવામાં આવ્યો છે અને આ ઉમેદવારો દ્વારા સરકારે ને ચેતવણી આપવામાં આવી છે કે જો તા:૧૫/૬/૨૦૨૦ સુધી માં અમારા પ્રશ્નો નું નિરાકરણ નહિ આવે તો ના છુટકે અમે અમારા ઘરના સભ્યો સાથે ગાંધીનગર ખાતે અચોક્કસ મુદત ના ઉપવાસ પર બેસીશું.

## વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ નિમિતે હિન્દી કવિ સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ નિમિતે હિન્દી કવિ સંમેલન ગુજરાત માં તારીખ ૧૨ મે જૂન ૨૦૨૦ ના રોજ બપોરે બે વાગ્યે આયોજિત કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમનું ઉદ્ઘાટન આદરણીય સુપ્રસિધ્ધ સાહિત્યકાર રાજ કુમાર જૈન રાજન રાજસ્થાન અકોલા દ્વારા કરવામાં આવ્યું હતું,

આ કાર્યક્રમનું સંચાલન સચિવ રમેશભાઈ મૂલવાણી અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમમાં સરસ્વતી વંદના બાદ કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું સરસ્વતી વંદના મુંબઈની કવિયિત્રી શિલ્પા શેઠ દ્વારા કરવામાં આવી, આ પ્રસંગે સહિતય અકાંદામી ગાંધીનગરના પ્રમુખ વિષ્ણુ ભાઈ પંડયા સાહેબ વિશેષ અતિથિ રૂપમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં દેશમાંથી ૨૫૬ કવિ ઓ જોડાયા હતા તે પૈકી ૧૦૫ કવિઓએ હિન્દીમાં બાળ મજૂરી વિરોધ પર પોતાની ઉમદા કવિતા ઓ પ્રસ્તુત કરી હતી

આ કાર્યક્રમ માં ડૉ ગુલાબચંદ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ ‘વૈશ્વિક પરિપેક્ષમાં ગાંધીજી અને અન્ય શોધ’ પુસ્તક હિન્દી નું વિમોચન શ્રી વિષ્ણુ પંડ્યા સાહેબ અધ્યક્ષ સહિતય અકાંદામી ગાંધી નગર દ્વારા કરવામાં આવ્યું હતું

માનનીય મુખ્યમંત્રીવિજય રૂપાણી સાહેબ દ્વારા ડૉ ગુલાબચંદ પટેલને અભિનંદન પાઠવ્યા હતા

સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા પોતાની કવિતા રજૂ કરવામાં આવી હતી તથા સચિવ રમેશભાઈ મૂલવાણી દ્વારા પણ પોતાની કવિતા રજૂ કરી હતી

આ કાર્યક્રમ ની આભાર વિધિ કાંતિભાઈ પટેલ એડવોકેટ ગાંધીનગર દ્વારા કરવામાં આવી હતી.

## પૅફી લાઈવ ૨.૦નો ઉદ્ઘાટન સમારોહ કેન્દ્રીયમંત્રી કિરેન રિજિજ્જુ અને કુલપતિઅર્જુનસિંહ રાણા અને અન્ય મહાનુભાવોની હાજરીમાં યોજાયો

ગાંધીનગર,તા.૧૪

ફીઝીકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા દ્વારા ઓનલાઈન માધ્યમથી ભારતભરના ફીઝીકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સના લોકોને જોડતો એક ઓનલાઈન કાર્યક્રમ ‘પૅફીલાઈવ.૨.૦’નો ઉદ્ઘાટન સમારોહ તા.૧૩/૦૬/૨૦૨૦ના રોજ કેન્દ્રીય રમત ગમત મંત્રી કિરેન રિજિજૂના અધ્યક્ષસ્થાને, ભારતીય જનતા યુવા મોરચા અને પૅફીના પ્રેસિડેન્ટ રાહુલ કોઠારીની વિશેષ ઉપસ્થિતિ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ અર્જુનસિંહ રાણા, ભૂતપૂર્વ ડીન લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન ડૉ એ કે યુપાલ, દ્રોણાચાર્ય એવૉર્ડી ડૉ એ કે બંસલ, પૅફીના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ ગુરદીપ સિંહ અને અર્જુન એવૉર્ડી યશપાલ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ એ કે ઉપ્પલ દ્વારા સર્વે મહેમાનશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેઓએ યુનિયન સ્પોર્ટ્સ મિનિસ્ટરશ્રીને સમય નીકળીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ખૂબ આભાર માન્યો હતો. તેઓ એ શાળા, કોલેજ અને યુનિવર્સિટીની રમત ગમતની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવાથી રાજ્ય અને રાષ્ટ્રનું ખેલ કૂદનું સ્તર ઉપર આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરેલ. પિયુષ જૈન, નેશનલ સેક્રેટરી દ્વારા પૅફી પ્રથમ પૅફીલાઈવ અને હવે દ્વિતીય પૅફિલાઈવ બાબતે માહિતગાર કરેલ. તેઓ દ્વારા પૅફીના માધ્યમથી રાષ્ટ્રમાં એન્ટી ડોપિંગ અવેરનેસનો કાર્યક્રમ ચલાવવામાં આવેલ જે બાબતે તેઓશ્રી દ્વારા સર્વે પૅફી મેમ્બર્સ અને માનનીય મિનિસ્ટરશ્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રાહુલ કોઠારીજી દ્વારા માનનીય કેન્દ્રીય રમત ગમત મંત્રીશ્રીની સાદગી અને સરળતા બાબતે વાત કરી હરહંમેશ તેઓ ખેલકૂદ અને ફિટનેસને પ્રાધાન્ય આપતા જોવા મળેલ છે. તેઓ દ્વારા માનનીયશ્રી પ્રધાનમંત્રી મહોદયની દૂરંદેશીને ધ્યાને લઈ માનનીયશ્રી કિરેન રિજેજુના પ્લાનિંગથી લોન્ચ કરવામાં આવેલ ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિય મૂવમેન્ટના લોકાર્પણને લોકો સ્વાસ્થ્ય માટે મહત્વની સાબિત થઈ રહેલ છે જે હાર હંમેશ યાદ રહેશે. તેઓ દવારા માનનીય મંત્રીના કર્યોને સૂર્યોદય સાથે સાંકળીને શારીરિક શિક્ષણના ફીલ્ડ તરફથી મંત્રીનો આભાર માન્યો હતો.

માનનીય મંત્રી દ્વારા ફીઝીકલ એજ્યુકેશન ક્ષેત્રના વિષય નિષ્ણાતઓ વચ્ચે તેઓ ઉપસ્થિત છે તેનું તેમણે ગર્વ વ્યક્ત કર્યો હતો.

મંત્રીએ એ વાત પાર ભાર મુકેલ કે રાષ્ટ્ર પ્રગતિ ત્યારેજ કરે છે જયારે તમામ નાગરિક શારીરિક અને માનસિક સ્વસ્થ હોઈ. તેઓ દ્વારા વધુમાં જણાવેલ કે આ તરફ સફળતા પૂર્વક ઠોસ કદમ વધારતા રાષ્ટ્ર દ્વારા ફિટ ઈન્ડિયા અને ખેલો ઈન્ડિયા ખુલ્લું મુકવામાં આવેલ છે. ખેલો ઈન્ડિયાના માધ્યમથી નાની ઉમરના ખેલાડીઓને પોતાની પ્રતિભા દેખાડવાનો મોકો મળે અને ઘણી નાની ઉમરમાં આવા પ્રતિભાવાન ખેલાડીઓને યોગ્ય પ્રશિક્ષણ આપી ઓલમ્પિક મેડલ સુધી લઈ જવા માટેનો રોડમેપ સમજાવેલ. તેઓ દ્વારા યંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન પાર ભાર મૂકી અને શાળાકીય શિક્ષણમાં શારીરિક શિક્ષણ ફરજીયાત કરવાની હિમાયત બાબતે સર્વે રાજ્ય સરકારશ્રીઓને યોગ્ય નિર્દેશ આપવા પાર ભાર મૂકેલ. હાલની મહામારી સમયે સરકારશ્રી દ્વારા ખેલાડીઓને તેઓની રમત માટેનું જ્ઞાન અને પ્રશિક્ષણ ઓનલાઈન માધ્યમથી પ્રાપ્ત થઈ રહેલ છે તેમ જણાવેલ. સ્પોર્ટ્સ સાયન્સને મહત્વ આપીને રાષ્ટ્રના વડા મથક દિલ્હી ખાતે નેશનલ સ્પોર્ટ્સ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ ખોલવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તેઓ દ્વારા સમાજમાં સ્પોર્ટ્સ કલ્ચર ડેવલપ કરવા પાર ભાર મુકવામાં આવેલ અને સરકારએ કાર્ય કરવા માટે કાટિબદ્ધ છે તેમ જણાવ્યું હતું.

## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ ખાતે ઓનલાઇન પેરેન્ટ્સ ટીચર મિટિંગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪




મિટિંગમાં વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા વિવિધ પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું હતું,ઉપરાંત નવા એડમિશન લીધેલ બાળકો તેમજ જુદા જુદા વિષયના શિક્ષકો સાથે બાળકો તથા વાલીઓ સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો,સાથે જ જુદા જુદા વિષયોના પુસ્તકો અને ઓનલાઈન કલાસિસ અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.




### કોવિડ-૧૯ વચ્ચે ૫૬ ભોગમાં પ્રભુતાના પગલાં

ભારતમાં આરોગ્ય મંત્રાલય દ્વારા નક્કી કરેલા નિયમોને આધિન ૫૬ ભોગના વિશાળ બેંક્વેટમાં ફક્ત ૫૦ મહેમાનો સાથે સુંદર લગ્ન પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી, સોશિયલ ડિસ્ટંસ, માસ્ક અને હેન્ડ સેનિટાઈઝર્સનો ઉપયોગ, આરોગ્ય સેતુ એપ્લિકેશનનો ઉપયોગ, થર્મલ ગન દ્વારા મહેમાનોનું ચેકિંગ, સાથે વર્તમાન પરિસ્થિતિમાં આરોગ્ય જાળવણીનું માર્ગદર્શન આપવાની માહિતી સાથે મર્યાદિત ખર્ચમાં મહાપ્રસંગને પૂર્ણ કરવો શક્ય બન્યો હતો.

## જન્મદિને વધામણી



મહેશ મોડ
મો. ૯૮૯૮૮ ૩૨૨૨૨



મહેશકુમાર એમ જાની
મો. ૯૮૭૯૪ ૮૪૪૫૬



સંજય બી પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧



પ્રતિક પ્રવીણભાઈ પ્રણામી
મો. ૯૮૨૪૫ ૭૬૦૭૮



શાંતાબેન ત્રિલોકસિંહ રાજપૂત



વિદ્યાબેન ઉમેશભાઈ વ્યાસ
મો. ૯૪૨૯૨ ૦૨૪૭૨



અરવિંદાબેન મહેન્દ્રભાઈ શાહ



ડો. એકતાબેન પટેલ
મો. ૮૧૪૧૪ ૪૭૪૭૪
રેડક્રોસ સોસાયટી




ક્રિપાલસિંહ રાણા
મો. ૯૯૦૪૦ ૬૩૨૧૧
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ